આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૭ | ૧૯ ઓગસ્ટ, ૨૦૧૪, મંગળવાર; શ્રાવણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં ભક્તિનું ઘોડાપુર

કૃષ્ણ જન્મોત્સવ પર્વે નગરજનો મન મુકીને જોડાયા : મટકીફોડ અને ગરબાના કાર્યક્રમો યોજાયા : મંદિરો અને સોસાયટીઓમાં મધ્યરાત્રીએ નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકીના જયઘોષોથી ગગન ગાજી ઉઠ્યું : પંચદેવ મંદિરે મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું : પારણે ઝુલતા બાળકૃષ્ણના દર્શન માટે મંદિરોમાં ભાવિકોની ભીડ જામી

ગાંધીનગર, તા. ૧૮

શહેરમાં જન્માષ્ટમીના પવિત્ર પર્વની હર્ષોઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના જયઘોષથી સેક્ટરોની શેરીઓ ગુંજી ઉઠી હતી. રાત્રિના ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મંદિરોમાં જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડ, ભજન, રાસ-ગરબા સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ઢોલ-નગારાના નાદ અને ગુલાલની છોળ વચ્ચે કૃષ્ણજન્મોત્સવના ઓવારણા લેવાયા હતા. કૃષ્ણ જન્મ વેળાએ રાત્રિના સમયે સેક્ટરોમાં આતશબાજી પણ કરવામાં આવી હતી. મંદિરોમાં પણ પારણે ઝુલતા બાળકૃષ્ણના દર્શન માટે ભાવિકોની ભીડ જામી હતી. નગર આખુ કૃષ્ણભક્તિમાં તલ્લીન બની ગયું હતું. સે. ૨૨ પંચદેવ મંદિર, સે. ૨૯ જલારામ મંદિર, ગોવર્ધનનાથજી હવેલી, સે. ૨ સ્વામિનારાયણ મંદિર, સે. ૧૬ સોમનાથ મહાદેવ, વૈજનાથ મહાદેવ મંદિર સહીતના સ્થાનોએ વિશિષ્ટ રીતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો.

સેક્ટર-૨૯માં આવેલ જલારામધામ ખાતે જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં રાસ-ગરબા યોજવામાં આવ્યા હતા. તેમજ મધ્યરાત્રિના ૧૨.૦૦ વાગે મટકી ફોડવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કૃષ્ણભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌ ભક્તોને લાલાના જન્મની ખુશીમાં નાસ્તો કરાવવામાં પણ આવ્યો હતો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં રાધે-કૃષ્ણ અને લક્ષ્મીનારાયણની ચૈતન્ય ઝાંખીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં

નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. સેક્ટર-૩-ડી યુવક મંડળે કૃષ્ણ ભક્તિમાં લીન થઈ ૫૦૦ દિવડાની મહાઆરતી કરી હતી. ભવ્યાતિ ભવ્ય રાસ-ગરબા યોજવામાં આવ્યા હતા. તેમજ દહિં હાંડી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જન્માષ્ટમી પર્વને લઈને પૂજન ડાન્સીંગ ક્લાસે વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા. નાના બાળકોએ પ્યારી-પ્યારી રાધા રાણીની નૃત્ય નાટિકાઓની કૃતિ ભજવી હતી. કાનુડાની બાળહઠ, રાધા-કૃષ્ણનો પ્રેમ, યશોદા માતા સાથેના વિવિધ પ્રસંગોના ગીતો પ્રસ્તુત કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમજ વેશભુષા હરિફાઈમાં સરકારી શાળાના બાળકોએ ભાગ લીધો હતો.

ઓમલેન્ડમાર્ક જુનિયર સાયન્સ કોલેજ ચિલોડામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કૃષ્ણ જન્મને લગતા ભજન, ધૂન, રાસ-ગરબા અને મટકી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી પંચમુખી મહાદેવ સંચાલિત શિવ-ભક્તિ મંદિર સેક્ટર-૨૧ ગોવર્ધનનાથજી હવેલી અને વૈજનાથ મહાદેવ મંદિર ખાતે કૃષ્ણજન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

પંચદેવ મંદિર મેળો

પંચદેવ મંદિર મટકી ફોડ

સે.૭ સી મટકી ફોડ

સે.૨૩ નંદમહોત્સવ - મટકી ફોડ

મટકી ફોડ

(તસવીર : દિપક જાની, કશ્યપ નિમાવત)

NEWS બિટ્સ

● ભારતીય મૂળના વિદ્યાર્થીઓ નવો બ્લેકહોલ શોધ્યો

ભારતીય મૂળના સ્નાતક વિદ્યાર્થીએ એક મધ્યમ કક્ષાનો બ્લેકહોલ શોધ્યો છે અને તેની માપણી કરી છે. જાણીતી ગેલેકગી એમ-૮૨ ની પાસે અને પૃથ્વી લગભગ ૧૨ મીલીયન પ્રકાશ વર્ષ દૂર આ બ્લેકહોલ શોધાયો છે. યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડના એસ્ટ્રોનોમીના વિદ્યાર્થી ધીરજ પશમ અને અન્ય બે વિદ્યાર્થીઓના નામે આ સિદ્ધિ નોંધાઈ છે.

● સૂરજ બડજાત્યાની ફિલ્મમાં સલામન રાજાની ભૂમિકામાં

સૂરજ બડજાત્યા અને સલામનખાનની જોડી સુપર ડુપર હીટ ફિલ્મ આપવા માટે જાણીતી છે. વર્ષો બાદ સુરજ બડજાત્યા અને સલામાનખાનનો જાદુ ટુંક સમયમાં બીગ સ્ક્રીન પર જોવા મળશે. સુરજની આગામી ફિલ્મ પ્રેમ રતન ધન પાયોમાં સલામનખાન ડબલરોલ ભજવશે. તેમાંથી એક પાત્ર રાજાનું અને બીજુ સામાન્ય વ્યક્તિનું હશે.

● મોદીના ભાષણના કારણે સેન્સેક્સમાં ઉછાળો

શનિ-રવિની રજા બાદ સોમવારે ખુલેલુ શેર બજાર નવી ઉંચાઈએ પહોંચ્યું હતું. સાંજે સેન્સેક્સ ૨૬,૩૯૧ અને નિફ્ટી ૭,૮૭૪ પોઈન્ટ પર પહોંચી બંધ થયું હતું. જે અગાઉ કરતા અનુક્રમે ૨૮૮ અને ૮૩ પોઈન્ટ વધુ છે. સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા ઉત્સાહી ભાષણની અસરથી સેન્સેક્સ ઉંચકાયો હતો. આર્થિક સુધારાના પગલાં ઝડપી બનાવવાનો તેમણે સંકેત કર્યો હતો.

રાજ્યના વહીવટમાં નેવી નેટ કોન્ફરન્સનો ઉદય

પેપરલેસ વહીવટી પ્રથા બનાવવા વહીવટીય પ્રથાને હાઈટેક યુગમાં પરિવર્તીત કરવા સરકાર કટિબદ્ધ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારે હવે હાઈટેક વહીવટીય પ્રથાના અમલમાં વધુ એક ઐતહાસિક કદમ ભર્યુ છે અને રાજ્યમાં આજે પહેલીવાર નેટ કોન્ફરન્સ કરવામાં આવશે.

રાજ્યમાં ૨૦૦૧ માં આવેલા વિકરાળ ભૂકંપ બાદ સરકારે કોમ્યુનિકેશનના નવતર સાધનોનો ઉપયોગ વધાર્યો છે. સેટેલાઈટ ફોન બાદ વિડીયો કોન્ફરસીંગ પ્રથા અને હવે નેટ કોન્ફરન્સ અધિકારીઓ સાથે યોજવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર વિડીયો કોન્ફરન્સને લઈ અધિકારીઓને ગાંધીનગર આવવાનો સમય બચતો હતો હવે સરકારે નેટ કોન્ફરન્સનો અભિગમ અપનાવતા અધિકારીઓ તેમના કામની વ્યસ્તતા વચ્ચે પણ હાજરી આપી શકશે.

રાજ્ય સરકારે ગતિશીલ ગુજરાતની સમીક્ષા માટે નેટ કોન્ફરન્સનો અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે. આ અભિયાનના ૧૦૦ દિવસ પૂર્ણ થવામાં છે ત્યારે તેની સમીક્ષા યોજવાની કામગીરી પણ વિભાગવાર યોજવામાં આવી રહી છે. જેથી નેટ હેંગ થવાની શક્યતાઓ પણ ઓછી છે.

વિડીયો કોન્ફરન્સને કારણે અધિકારીઓની અન્ય કામગીરી પર અસરો થતી હતી તેને નિવારવા માટે આ અભિગમ શરૂ કરવાનો નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર

લાક્ષણિક તસવીર - ગુજરાતના પૂર્વ પાટનગર પાટણના સિદ્ધરાજ જયસિંહની પ્રતિમાના અનાવરણ પ્રસંગે રાજ્યના મહિલા મુખ્યમંત્રીની લાક્ષણિક તસવીર. ગુજરાતના ખમીરને શબ્દે-શબ્દે પ્રગટાવતું પ્રવચન પાટણના સ્વાતંત્ર સમારોહ માટે યાદગાર બની રહ્યું... રજવાડી સાફામાં શૌર્યરસની અભિવ્યક્તિ દ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતની ખુમારીને રાષ્ટ્રભક્તિના રંગે રંગી હતી.

મુખ્યમંત્રીએ મંત્રીઓ પાસે જિલ્લાના રિપોર્ટ કાર્ડ ભરાવ્યા

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જિલ્લામાં ધ્વજવંદન બાદ મંત્રીઓએ લીધેલી કચેરીઓની મુલાકાત અંગેના રિપોર્ટ માટે રાજ્યમંત્રીમંડળના સભ્યોને એક પ્રશ્નપત્ર આપ્યાનું બહાર આવ્યું છે.

જિલ્લામાં તાલુકાની કચેરીઓની સ્થિતિ, તાલુકા મથકોમાં સ્વચ્છતાની વાત, તાલુકામાંની રાજકીય સ્થિતિ સહિતની વિવિધ બાબતોને આવરી લેતા આ રિપોર્ટ કાર્ડમાં રજુ કરવાના હતા.

મળતી વિગતો મુજબ દરેક મંત્રીએ ઓછામાં ઓછી ત્રણ જેટલી કચેરીઓની મુલાકાત લેવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. આ સપ્તાહે મળનાર રાજ્યમંત્રીમંડળની બેઠકમાં આ રિપોર્ટકાર્ડ પર ચર્ચાવિચારણા કરવામાં આવશે. કયા જિલ્લામાં વિકાસના કામો ક્યાં અટક્યા છે તે સહિતની વિગતો આ રિપોર્ટકાર્ડમાં દર્શાવવા માટે મંત્રીઓને જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જોકે સચિવાલયના સૂત્રો આ પ્રથા નવી નહિ હોવાનું જણાવતાં કહે છે કે ગુણોત્સવ, પ્રવેશોત્સવ સહિતના વિવિધ કાર્યક્રમોમાં પણ આવી જ પ્રથા છે અને આના સારા પરિણામો મળ્યા છે.

રાજ્ય સરકારે લક્ષ્યાંક આધારિત વહીવટીય પ્રથા અપનાવી છે તેના મૂળમાં જ આ પ્રથા હોવાની વાતો પણ ચર્ચાઈ રહી છે.

વહીવટીતંત્રમાં બઢતી અને બદલીનો ગોઠવાઈ રહેલો તખ્તો

ગાંધીનગર, તા. ૧૮

પોલીસતંત્ર બાદ હવે રાજ્યના વહીવટીતંત્રમાં બઢતી અને બદલીનો દોર શરૂ કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાં ઉચ્ચ સનદી અધિકારીઓની કેટલીક જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. આ ઉપરાંત એક જ જગ્યાએ પણ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલાક અધિકારીઓ ફરજ બજાવે છે.

રાજ્યના વહીવટીતંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા અને ખાલી જગ્યાઓ ભરવા માટે ઉચ્ચ સનદી અધિકારીઓને બઢતી આપવા માટેની પ્રક્રિયાઓ સામાન્ય વહીવટ વિભાગે હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ત્રણ થી ચાર જેટલા સચિવ કક્ષાના અધિકારીઓને અગ્ર સચિવ તરીકે અને બે થી ત્રણ અગ્ર સચિવોને અધીક મુખ્ય સચિવ તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે. અને ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની બેઠક મળ્યા બાદ બઢતીઓનો

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના તમામ ગામોમાં નર્મદાના પાણી માટે અભિયાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના તમામ ગામો નર્મદાનું પાણી વાપરે તે માટે તંત્રએ ખાસ અભિયાન હાથ ધરવું જોઈએ તેવી તાકીદ અધિક નિવાસી કલેકટર ડૉ. એમ.બી. મોડિયાએ કરી છે.

જિલ્લાની વોટર સેકટર રીફોર્મની મળેલ બેઠકમાં અધિકારીઓને આ અંગેની તાકીદ કરતાં ડૉ. મોડિયાએ જે ગામો પાણી નથી મેળવતા તેવા ગામોના સરપંચોની બેઠક યોજી નર્મદાના પાણીથી થતા ફાયદાઓની સમજ આપવી જોઈએ. તેમણે સરપંચ સંમેલન ઉપરાંત જિલ્લામાં જે ગામોમાં મહિલાઓ સંચાલિત પાણી સમિતિ હોય તો તેવા ગામોમાં મહિલા જાગૃતિનું અભિયાન કરી નર્મદાના પાણી માટે સમજાવવાનો અનુરોધ પણ કર્યો હતો.

જિલ્લાના ૯૮ જેટલા ગામોમાં પેયજળના નમુના પૃથકરણમાં નાપાસ જાહેર થયા છે તેને લઈ આ બેઠકમાં ગંભીર ચિંતા વ્યકત કરવામાં આવી હતી. જિલ્લાના તમામ ગામોમાં નર્મદાનું પાણી પહોંચાડવાનું નેટવર્ક તૈયાર હોવા છતાં ગ્રામીણ વિસ્તારો દ્વારા પાણી લેવાના થતા ઈન્કારને લઈ વિશેષ લોક જાગૃતિ અભિયાન

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
ગાંધીનગર, સરગાસણમાં નવા કન્સ્ટ્રકશનના પ્રોજેક્ટમાં
લેડી રીસેપ્સનીષ્ટ કમ માર્કેટીંગ તથા ઓફિસ બોય સ્ટાફ.
મળો : કેપીટોલ ફ્લોરા
આસ્કા હોસ્પિટલની સામે, ૨૦૦ ફુટ સરગાસણ-શાહપુરના મેઈન રોડ પર, સરગાસણ, ગાંધીનગર.
સમય : ૧૦ થી ૧

બીન સચિવાલય કલર્ક 2444 જગ્યાઓ
પરીક્ષાની તારીખ 16-11-2014
પ્રવેશ ફોર્મ ભરવાના ચાલુ છે
રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ
સંભવિત ઓગસ્ટ-2014
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2014
(4 માસનો અભ્યાસ ક્રમ)
♦ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ♦ ગણિત ♦ બુદ્ધિ ચાતુર્ય કસોટી
♦ અંગ્રેજી વ્યાકરણ ♦ સામાન્ય જ્ઞાન ♦ કોમ્પ્યુટર ને લગતા પ્રશ્નો
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન
દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ
ગાંધીનગર

20.08.2014	બપોરના 12-45 થી 2-15	સોમ થી શુક્ર
26.08.2014	બપોરના 4-15 થી 5-45	સોમ થી શુક્ર
05.09.2014	સવારના 8-45 થી 11-45	શનિ / રવિ
19.09.2014	બપોરના 12-00 થી 3-00	શનિ / રવિ

મહેસાણા

બેચ શરૂ તા.	બેચનો સમય	ભણવાના દિવસ
21.08.2014	બપોરના 12-15 થી 1-45	રવિ થી ગુરૂ
28.08.2014	બપોરના 2-00 થી 3-30	રવિ થી ગુરૂ

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઝ-2 થી ઝ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, શિરામ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.